નીટની પરીક્ષામાં શહેરના ટોપર્સ હરખાયા, હવે ડૉકટર બનવાનુ સ્વપ્ન સાકાર થશે

કિશોર ઇન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ નીટની પરીક્ષામાં ઝળકયા : વેદ ઇન્ટરનેશનલ સ્કુલ, સહજાનંદ સ્કુલ ઓફ અચિવર્સના વિદ્યાર્થીઓએ પણ તેજસ્વી પરિણામ મેળવ્યુ : સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ હાઇસ્કુલના વિદ્યાર્થીઓ પણ શહેરના ટોપર્સની યાદીમાં : કિશોર ઇન્સ્ટીટ્યુટના બલવંતસિંહ રાજપુત, અજયસિંહ રાજપુત વિદ્યાર્થીઓ પાછળ રાત દિવસ મહેનત કરે છે : તેજસ્વીઓ : વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને શિક્ષકો પ્રત્યેની શ્રધ્ધા રંગ લાવી છે : ડો ઉમંગ વસાણી

ગાંધીનગર તા ૧૭

નીટની પરીક્ષાનુ પરિણામ જાહેર થતા શહેરના તેજસ્વીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી.મેડિકલ ક્ષેત્રે અભ્યાસ માટે પ્રવેશના દ્વાર ખુલતા વિદ્યાર્થીઓએ પરિણામ પ્રત્યે સંતોષની લાગણી વ્યકત કરી હતી. શહેરની સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ હાઇસ્કુલ, કડી સંકુલની એસ બી પટેલ સ્કુલ, સહજાનંદ સ્કુલ ઓફ અચિવર અને વેદ ઇન્ટરનેશનલ સ્કુલના ટોપર્સ તેમના ડોકટર બનવાના સ્વપ્નને લઇને અત્યંત ઉત્સુક જોવા મળ્યા હતા. નગરના તેજસ્વી વિદ્યાર્થીઓએ શાળાના શિક્ષકો તેમજ કિશોર ઇન્સ્ટીટ્યુટના વિષય તજજ્ઞોની મહેનતથી ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનુ જણાંવી શિક્ષકો પ્રત્યેની શ્રધ્ધા અને આત્મવિશ્વાસ સારા પરિણામની ચાવી હોવાનો મેસજ પણ વિદ્યાર્થીઓને આપ્યો છે.

એન સી ઇ આર ટી દ્વારા આયોજિત નીટની પરીક્ષાનુ પરિણામ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. ગાંધીનગરમાંથી પણ મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવા ઇચ્છુક વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઆએ નીટની પરીક્ષા આપી હતી. નીટની પરીક્ષામાં રેન્ક હાંસલ કરનારા શહેરના વિદ્યાર્થીઓ મેડિકલ ની વિવિધ ફેકલ્ટીઝમાં કારકીર્દી બનાવી ડોકટર બનવાની ખેવના સાથે સમાજની સેવા કરવાનો ઉમદા આશય ધરાવે છે. કિશોર ઇન્સ્ટીટ્યુટ તેમજ સે -૨૩ સ્થિત સ્વામિનારાયણ હાઇસ્કુલ અને કડી કેમ્પસમાં અભ્યાસ કરતા તેજસ્વીઓએ ખુબ જ મહેનતના અંતે નીટની પરીક્ષામાં સફળતા મેળવી છે. મેડિકલમાં અપેક્ષિત કોલેજમાં પ્રવેશ મેળવવાની આશા પ્રબળ બની છે.

નગરના તેજસ્વી વિદ્યાર્થીઓના મતે ટાઇમ મેનેજમેન્ટ , શિક્ષકોનુ માર્ગદર્શન અને કીશોર ઇન્સ્ટીટ્યુટના તજજ્ઞોના માર્ગદર્શનના લીધે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત થયુ છે. સે-૨૩ સ્વામિનારાયણ હાઇસ્કુલના વિદ્યાર્થી અનુજ પ્રકાશભાઇ બારોટના જણાંવ્યા મુજબ સારા પરિણામ પાછળ સારુ કોચિંગ જવાબદાર છે. પ્રતિદિન ૧૪ થી ૧૫ કલાકની મહેનત અનિવાર્ય છે. જયારે ભૌતિક વિજ્ઞાન , બાયોલોજી, અને રસાયણશાસ્ત્રમાં પણ રેફરન્સ બુક અને પેપર સોલ્યુશન પણ ખુબ જ કર્યા હતા. કિશોર ઇન્સ્ટીટ્યુટના કિશોર સર અને ડો અજયસરની મહેનતના લીધે અભ્યાસમાં વધુ રસ પડયો. ફીઝીકસ બધાને અઘરુ લાગે છે. પરંતુ બલવંતસરની ટેકનિકના લીધે મારા માટે સરળ વિષય બની ગયો હતો.જયારે સે-૨૩ સ્થિત શ્રી

સ્વામિનારાયણ હાઇસ્કુલના ડો ઉમંગ વસાણીનુ પણ સતત માર્ગદર્શન પણ પરિણામ માટે જવાબદાર છે. કાર્ડિયાક સર્જન બનવાની ખેવના ધરાવતા અનુજની બહેન પણ હાલ મેડિકલ ક્ષેત્રે બરોડા કોલેજમાં અભ્યાસ કરે છે. અનુજના મતે નીટમાં સારુ પરિણામ મેળવવુ હોય તો ગોલ બનાવો અને શિક્ષકોમાં શ્રધ્ધા રાખી લાગી જાવ ચોકકસ સફળ થવાશે. નીટમાં સફળ થનાર અન્ય એક વિદ્યાર્થી સૌરભ પ્રજાપતિના મતે ધાર્યા કરતા ૫ થી ૭ ગુણ ઓછા આવ્યા છે. કિશોર ઇન્સ્ટીટ્યુટના માર્ગદર્શનના લીધે તેજસ્વી પરિણામ આયુ છે. સૌરભે બોર્ડની અને ગુજકેટની પરીક્ષામાં પણ પ્રથમ નંબર મેળવ્યો હતો.

જયારે નીટની પરીક્ષામાં પણ ૭૨૦ માંથી ૬૩૧ ગુણ પ્રાપ્ત કર્યા છે. સૌરભના માતા આશાબેન પિતા અનિલભાઇએ પણ તેને સતત પ્રોત્સાહન પુરુ પાડયુ છે. સૌરભ સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલના શિક્ષકો તેમજ ડો ઉમંગ વસાણી અને આચાર્ય ભદ્રેશ જોષી દ્વારા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન મળતુ હોવાની ખુશી પણ વ્યકત કરી હતી. વિશ્વજીત જોધાને પણ રેડીયોલોજીસ્ટ બનવા આગળ મેડિકલમાં અભ્યાસ કરવો છે. જયારે એસ બી પટેલમાં અભ્યાસ કરતી મૈત્રી મહેતાએ પણ ન્યુરોસર્જન બનવુ છે. તેણીએ ૬૧૯ ગુણ મેળવ્યા છે. તેણીના પિતા દવેન્દ્રભાઇ અને માતા જયશ્રીબેન પણ પરિણામથી ખુશ છે. સે-૨૩ સ્થિત કડી કેમ્પસની એસ બી પટેલ હાઇસ્કુલની વિદ્યાર્થીની કેયા પટેલે પણ ૬૨૩ ગુણ મેળવ્યા છે. તેણીએ કાર્ડીયોલોજીસ્ટ બનવુ છે. કેયાના માતા શર્મિષ્ઠાબેન હાઉસવાઇફ છે. જયારે પિતા હરેશભાઇ પલીયડ હાઇસ્કુલમાં શિક્ષક છે. સે-૫ કાઠીયાવાડી રાજપુત સમાજ સ્કુલના આદિત્ય જોષીએ પણ ઓર્થોપેડીક સર્જન બનવુ છે. આદીત્યને જોરથી વાંચવાની ટેવના લીધે પડોશીની ટકોર પણ સહન કરવી પડી છે. જો કે ઉજ્જવળ પરિણામ બદલ તે કિશોર ઇન્સ્ટીટ્યુટને યશ આપે છે પિતા પ્રશાંત જોષી અમદાવાદ કોમર્સ કોલેજમાં છે. જયારે માતા શીતલબેન જોષી ઇડર સાયન્સ કોલેજમાં પ્રોફેસર છે. સરગાસણની વેદ ઇન્ટરનેશલ સ્કુલના વિદ્યાર્થી શુભ મહેતાએ ૭૨૦ માં થી ૬૯૦ ગુણ મેળવ્યા છે. આત્મવિશ્વાસ સાથે પધ્ધતિસરની મહેનત કરી શિક્ષકોમાં શ્રધ્ધા રાખવામાં આવે તો ઉજ્જવળ પરિણામ ચોકકસ પ્રાપ્ત થાય છે. શુભ મહેતાએ જણાંવ્યુ હતુ કે દરરોજ ૬ થી ૮ કલાકનુ વાંચન જરૂરી છે. જયારે સરગાસણ સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના રાહુલ ચૌધરીએ પણ ૬૭૨ ગુણ પ્રાપ્ત કર્યા છે. રાહુલના મતે કોરોના કાળમાં ઓનલાઇન એજયુકેશન વિકલ્પ તરીકે છે. જે જરૂરી છે. પરંતુ શિક્ષકો સાથેનો સંપર્ક સેતુ જળવાયેલો રહેવો જોઇએ. ડાઉટસ ઝડપથી સોલ્વ થઇ જવા જોઇએ. સરકારે હાલ કોરાના કાળમાં નવરાત્રિમાં ગરબા નહીં યોજવાના સરકારના મહત્વના નિર્ણયને પણ રાહુલે બિરદાવ્યો છે.

સહજાનંદ સ્કુલ ઓફ અચિવર્સના ૨૬ વિદ્યાર્થીઓને સફળતા

નીટની પરીક્ષામાં સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૨૬ વિદ્યાર્થીઓએ ૫૦૦થી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. જેમાં સ્કુલમાં પ્રથમ રાહુલ ચૌધરીએ ૬૭૨, મિંકેશએ ૬૫૫, વિધાને ૬૩૦, જીલે ૬૨૭, કુશે ૬૧૯ અને જયરાજસિંહે ૬૦૨ ગુણ મેળવી મેડિકલમાં અભ્યાસ કરવાની ખેવના વ્યકત કરી છે. તેજસ્વીઓની મહેનતને બિરદાવી સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના રોહીત રાવલ તેમજ જીજ્ઞેશ પટેલે તેમને અભિનંદન પાઠવ્યા છે. વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષામાં પણ શાળાના વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ હાંસલ કર્યુ હતુ. જયારે ટોપર્સનુ હવે ડોકટર બનવાનુ સ્વપ્ન સાકાર થતા હર્ષની લાગણી વ્યકત કરી હતી.

નીટની પરીક્ષામાં શહેરના ટોપર્સ

નામ	શાળાનુ નામ	ગુણ
અનુજ પ્રકાશભાઇ બારોટ	સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ	૬૬૫
સૌરભ અનિલ પ્રજાપતિ	”	૬૩૧
વિશ્વજીત જીતેન્દ્રસિહ જોધા	”	૬૩૧
કેયા હરેશકુમાર પટેલ	એસ બી પટેલ હાઇસ્કુલ	૬૨૩
મૈત્રી દેવેન્દ્રભાઇ મહેતા	એસ બી પટેલ હાઇસ્કુલ	૬૧૯
આદીત્ય જોષી	સે-૫ કારડીયા રાજપુત સમાજ	૬૦૬
શુભ પ્રશાંત મહેતા	વેદ ઇન્ટરનેશલ સ્કુલ	૬૯૦
રાહુલ ચૌધરી	સહજાનંદ સ્કુલ ઓફ અચિવર	૬૭૨
કૃપાલી ભાગ્યેશ પટેલ	વેદ ઇન્ટરનેશલ સ્કુલ	૬૩૦
કુશ વૃષાંગભાઇ ઠેકડી	”	૫૮૬
રીયા હેમંતભાઇ પટેલ	”	૫૫૦
ઓમ સુનિલભાઇ પટેલ	”	૫૪૮
યસ્વી વિરલ લુહાર	”	૫૪૪
મીલન મહીપતભાઇ ઓગજા	”	૫૦૧

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડેડી, મારાથી રહેવાતું નથી... હું ગરબા રમવા નીકળી પડુ છું... મારી ધરપકડ થાય તો તમે મને પેલા દારૂનાં કેઈસમાં છોડાવ્યો હતો તેમ છોડાવવા આવી જજો...

ઝુંડાલ ગામમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામે સ્થિત હનુમાનજી મંદિર પાસે બાંકડા પર વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે બે શખ્સની પાસેથી વરલી મટકાનું સાહિત્ય, ૬ મોબાઈલ ફોન અને રોકડ રૂ.૧૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે સેકટર-૭ પોલીસે સેકટર-૧૫ કોલેજના ગેટ પાસેથી વરલી મટકાના આંક લખતા યુવકને ઝડપી પાડ્યો હતો.

મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન ઝુંડાલ ગામે વરલી મટકાના જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા બે શખ્સો ઝડપાયા હતા.પોલીસે તેમનુ નામ પુછતા તેઓ ઝુંડાલ ગામના હનુમાનજીવાળા વાસ માં રહેતા જશુજી માધાજી વાઘેલા (ઉં.૪૨) અને મહેશ બળદેવજી વાઘેલા (ઉં.૩૩) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ બંન્ને શખ્સોને વરલી મટકાના જુગાર અંગે પુછતા તેઓએ દિગ્વિજયસિંહ ઝાલા નામના શખ્સ માટે વરલીના આંકડા લખતા હતા અને આ કામ માટે બંનેને રોજના રૂ.૪૦૦ મળતા હતા.જેથી પોલીસે બે શખ્સો પાસેથી વરલી મટકાનું સાહિત્ય, ફોન અને રોકડ મળી કુલ ૧૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૧૫ વિનયન કોલેજ પાસેથી વરલી મટકાના આંકડા લખતા એક યુવકને સેકટર-૭ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે તે શખ્સનું નામ પુછતા તેણે સેકટર-૪ સી ખાતે રહેતા અમિત ઉર્ફે કાલુ કાંતિલાલ ચૌહાણ (ઉં.૪૦ પ્લોટ નં.૧૨૨૨-૨) હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી પાસેથી પોલીસે રૂ.૫ હજારનો મોબાઈલ અને રૂ.૭૦૦ રોકડા જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત વ્યક્તિના ૩ સંતાનોને ૧૮૧ અભયમ ટીમે ઘરે પહોંચાડ્યા..!!

દહેગામ-બાયડ રોડ પર સર્જાયેલા અકસ્માતમાં ત્રણે ફૂમળા બાળકો હેબતાઈ ગયાં હતા : ૧૮૧ અભયમ ટીમે તેમના ગામ આંબલિયારા પહોંચાડ્યાં : પિતાને ૧૦૮ એમ્બ્યુલન્સ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લાવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા તાજેતરમાં એક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વ્યક્તિની બે દિકરીઓ અને એક દિકરાને તેમના ઘરે પહોંચાડવાની સેવા પુરી પાડવામાં આવી હતી. આ સેવાને કારણે અટવાઈ પડેલા ગ્રામીણ વિસ્તારના બાળકો એક તરફ અકસ્માતથી હેબતાયેલા હતા અને બીજી તરફ ઘાયલ પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતા ત્યારે શું થશેની ચિંતામાં ગરકાવ બાળકો પોતાના ઘરે સુરક્ષિત પહોંચી જતા તેમને રાહત થઈ હતી.

ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર ચિલોડા ખાતેથી કાર્યરત ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની ટીમને બે દિવસ અગાઉ તેઓ એક કોલ પર વ્યસ્ત હતા ત્યારે એક અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યુ કે દહેગામથી બાયડ રોડ પર શિયાવાડા ચોકડી નજીક બે બાઈક વચ્ચે ટક્કર થવાથી એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોચી છે અને તેની બે દિકરી તથા એક નાનો દિકરો મળીને ત્રણ બાળકો રોડ સાઈડે રડતા ઉભા છે. બાળકોના પિતાને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી દેવાયો છે પરંત આ બાળકોની સુરક્ષા માટે આપને કોલ કર્યો છે. આ સાંભળી ફરજ પરના ૧૮૧ કાઉન્સિલર વિલાસબેન ઝાલાએ પેલી વ્યક્તિને કહ્યું કે અમે હાલ એક કોલ પર છીએ અને તે પતાવી તુરંત ત્યાં આવીશુ ત્યાં સુધી તમે બાળકોની સંભાળ રાખજો.

આ પછી કોલ પતાવીને વિલાસબેને પેલા વ્યક્તિને ફોન કર્યો ત્યારે તેણે જણાવ્યુ કે હમણા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી હતી જેની ટીમ બાળકોના પિતાને ગંભીર ઈજાઓ હોવાથી સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ લઈ જવા રવાના થઈ છે અને ત્રણેય બાળકોને એમ્બ્યુલન્સમાં સાથે લઈ લીધાં છે. આ પછી વિલાસબેને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક સાધ્યો હતો જેમાં ફરજ પરના ઈએમટીએ જણાવ્યુ કે તેઓ ચિલોડા નજીક પહોંચ્યા છે ત્યારે વિલાસબેને તેમને રસ્તામાંથી આંબીને બાળકોનો કબ્જો મેળવ્યો હતો અને એમ્બ્યુલન્સને ઈજાગ્રસ્ત પિતા સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જવા રવાના થવા દીધી હતી. આ પછી વિલાસબેને બાળકોમાં સૌથી મોટી દિકરી જે સાત વર્ષની હતી તેની સાથે વાત કરી તેના ગામનુ નામ આંબલિયારા હોવાનું જાણ્યુ હતુ. આ પછી વિલાસબેન તેમની વાનના પાયલોટ ફતેસિંહ સાથે બાળકોને લઈ આંબલિયારા ગામે પહોંચ્યા હતા જે બાયડ નજીક આવેલુ છે. અહીં તેમણે બાળકોનું ઘર શોધી ઘરમાં હાજર બાળકોના દાદીને મળી બાળકોને હેમખેમ સોંપ્યા હતા. ઘરે પહોંચતા જ અકસ્માતથી હેબતાયેલા બાળકોનો ડર ઓછો થયો હતો અને તેમણે રાહત અનુભવી હતી. ૧૮૧ અભયમ્ ટીમની માનવીય સંવેદનાયુક્ત સેવાની ગ્રામજનોએ પ્રસંશા કરી હતી.

ચિલોડા પાસે માર્ગ ઓળંગતા યુવકને બાઈક ચાલકે અડફેટે લીધો

ગાંધીનગર, તા.૧૭

ચિલોડા - ઈસનપુર તરફ જવાના માર્ગ પર વડ પાસે રોડ ઓળંગતા યુવકને બાઈક ચાલકે પાછળથી ટક્કર મારી હતી. જેથી યુવક માર્ગ પર પટકાતા પગે અને માથાના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે યુવકને ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. બનાવ અંગે ઈજાગ્રસ્તે ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે બાઈક નંબરના આધારે ગુનો નોંધી અકસ્માત સર્જનાર ચાલકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૧૫ ના રોજ આઠ વાગ્યાના અરસામાં ચિલોડા ગામમાંથી જુના ઠાકોરવાસ તરફ જવા માટે યુવક નીકળ્યો હતો. ઈસનપુર તરફ જવાના માર્ગ પર વડ પાસે રાત્રીના સુમારે માર્ગ ઓળંગી રહેલા હિતેશ કાળાજી ઠાકોર (ઉં.૩૮) ને બાઈક નં.જી.જે.૧૮.સી.એસ.-૦૩૪૮ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. જેથી ફરીયાદી માર્ગ પર નીચે પટકાતા તેઓને જમણા પગે અને માથાના ભાગે ઈજા પહોંચી હતી.

જો કે ઘરમાં પાસે અકસ્માત થતા યુવકના ભાઈ અને પિતા તાત્કાલીક ઘટના સ્થળે આવી ગયા હતા . તેઓએ ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર મોકલી આપ્યા હતા.જયારે વધુ સારવાર માટે અમદાવાદ મોકલી અપાયા હતા. જો કે બનાવ અંગે યુવકે બાઈક નંબરના આધારે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરમાં પવિત્ર પુરૂષોત્તમ અધિક માસનું સમાપન શ્રધ્ધાપૂર્ણ રીતે થવા પામ્યું હતું. આ પ્રસંગે શહેરના સેકટર-૫ ખાતેના કલહરી માતાજીના મંદિરે સિનિયર સીટીઝન ગ્રૂપ દ્વારા અંતિમ દિવસે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, યોગ ગ્રૂપના અગ્રણીઓ સુરેન્દ્રસિંહ વાઘેલા, રસિકભાઈ મિસ્ત્રી, કનુભાઈ ત્રિવેદી, રસિકભાઈ પટેલ, નરેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- આજથી નવરાત્રિ પર્વનો આરંભ થતાં જ ઓફિસોમાં જાણે મીની વેકેશનનો આરંભ થયો હોય તેવુ ભાસતુ હતુ.
- રાજ્ય સરકારે આજે ૧૨ જેટલા ગેસ કેડરના અધિકારીઓને સનદી અધિકારી તરીકે બઢતી મળતાં તેમની તેજ જગ્યાઓ અપગ્રેડ કરી અને ત્યાં જ ફરજ બજાવવાના હુકમો કર્યા છે.
- કોંગ્રેસના ધારાસભ્ય ગ્લાસુદ્દીન શેખ આજે તેમના પૌત્ર, પ્રપોત્ર અને પરિવારના બાલકોને ‘ચ’ રોડ પર ગાડી ઉભી રાખી વિધાનસભા સંકુલ, ગાંધીનગરનુ સ્ટેચ્યુ, આંબેડકરનું સ્ટેચ્યુ સહિતની પ્રતિમાઓ અને સ્વર્ણિમ ઉદ્યાન પણ બતાવ્યુ હતુ.
- કેન્દ્રીય ગૃહમંત્રી આસો સુદ-૨ ના દિવસે તેમના વતન માણસા ખાતે દર્શન કરવા જવાના હોવાથી પોલીસે આજે આ રૂટ પર રિહર્સલ કર્યુ હતુ.
- જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય રજા પર જતાં તેમના હોદ્દાનો ચાર્જ મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણને આપવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર ૨૭મી સુધી રજા પર ગયા છે.
- સચિવાલય સંકુલમાં પુનઃ સોમવારથી કોરોનાના એન્ટીજન ટેસ્ટનું અભિયાન શરૂ કરાશે.

વિદ્યાર્થીઓ માન્યતાવાળી ફાર્મસી કોલેજમાં પ્રવેશ લે

ધોરણ-૧૨નું પરિણામ આવ્યા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં ડીપ્લોમા અથવા ડીગ્રીમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ખૂબ જ સ્પર્ધા થાય છે. ફાર્મસી વિદ્યાશાખાના ડીપ્લોમાં-ડીગ્રી અભ્યાસક્રમમાં ગુજરાત અથવા ગુજરાત બહાર કોઈપણ કોલેજમાં પ્રવેશ લેતા પહેલાં, આવી ફાર્મસી કોલેજને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા આપેલી છે કે કેમ તેની ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ લેવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા દરેક વાલી/વિધાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.ફાર્મસી કોર્સમાં એડમીશન લેતાં વિધાર્થીઓ માટે તેમના હિતમાં ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા જરૂરી સલાહ જારી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાંથી ગુજરાત તથા ગુજરાત બહાર ફાર્મસી વિદ્યાશાખામાં ડિપ્લોમાં કે ડિગ્રીમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને છેતરામણી કે શોષણ ન થાય તે હેતુસર ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની માન્યતા પ્રાપ્ત કોલેજમાં જ પ્રવેશ મેળવવા અને તે સંબંધિત જરૂરી ચકાસણી કરી લેવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા જણાવાયું છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા આપવામાં ન આવેલી હોય તેવી કોલેજમાં અભ્યાસ કરનાર અથવા તો મંજૂર કરેલી બેઠકો કરતાં વધારે બેઠકો ઉપર પ્રવેશ મેળવનાર અથવા સંબંધિત કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પરીક્ષા જે ઓથોરીટી લેતી હોય તેને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા આપેલી ન હોય તો ઉપરોક્ત સંજાગોમાં ડીપ્લોમા અથવા ડીગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન કાયદાનુસાર મળવાપાત્ર નથી.